RESEARCH REVIEW JOURNALS
Volume-05
Issue-12
December-2020

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]
DOI: https://doi.org/10.31305/rrijm.2020.v05.i12.027

# આદિવાસી લોકનૃત્યો

રાઠવા સુમિત્રાબેન કુલસિંગભાઈ

પીએચ.ડી સ્કોલર, શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ

આદિવાસી ભાષામાં નૃત્યને ચાળો કહે છે. ચાળો એટલે ચાલવું, આદિવાસી નૃત્યમાં સતત ચાલવું પડે છે. આદિવાસીનો નાચવા જવાના કાર્યને કૂદવા જવું કહે છે. લોકગીત, લોકસંગીત નૃત્યને આદિવાસીઓ કલા તરીકે નથી ઓળખતા પણ ગીત-સંગીત કે નૃત્યને તેઓ એક જીવન વ્યવહાર તરીકે મૂલવે છે. આ નૃત્યએ આદિવાસી જીવન પ્રણાલી છે. આદિવાસીઓમાં તડવી,ભીલ, રાઠવા,નાયકા જેવી મુખ્ય જાતિઓ છે. ડુંગરાભીલ નાયકા અને ધાનકા જે તે પ્રદેશની જાતિઓના નૃત્યને અનુસરે છે.

આદિવાસી લોક નૃત્યમાં ઘણી વિવિધતા છે. શિયાળામાં ઈદ અને કુંવારીયોની માનતા થાય છે. વસંત ઋતુના તડવી યુવતીઓના રોળા, યુવતીઓના આલેનિયા ભીલ રાઠવાનું ઢોલ નૃત્ય, મેવાસના ઈદ નૃત્યો, પાલનું ઈદ નૃત્ય, કુવારીયો નૃત્ય જેવા હોળી પરના નૃત્યના ઉત્સવ થાય છે. તેલાવના મેળાથી હોળીના નૃત્યની રમઝટ બોલે છે . હોળી નૃત્યમાં મેળા નૃત્યો, હોળીના નૃત્ય અને ઘેરૈયા નૃત્યો નો સમાવેશ થાય છે. મેવાસનો ઢોલ નૃત્ય ,પાલનું મેળા નૃત્ય, તડવી ઘેર, ભીલની ઘેર, રાઠવાની ઘેર, ડુંગરાભીલ ની ઘેર, માંડવાનૃત્ય,વાદ્ય નૃત્ય નાયકાનું ભેરીનૃત્ય, તેલાવ દશેરાના મેળાનું નૃત્ય. લગ્ન અને સામાજિક પ્રસંગ હોવા છતાં પ્રાચીન સમયથી સામાજિક ઉત્સવ બની ગયો છે.

**માટલી નૃત્ય**.........લગ્ન પ્રસંગે હાથમાં લોટા કે પીતળના ઘડા લઈને સ્ત્રીઓ નાચે છે, તેને માટલી નૃત્ય કહે છે. માટલી નૃત્ય એ સ્ત્રી નૃત્ય છે. આદિવાસી સિવાયની ઉજળીયાત અને વસવાયા જાતિમાં પણ માટલી નૃત્ય પ્રચલિત છે.

માટલી નૃત્યના બે પ્રકાર છે. (૧) ઉભી માટલી અને (૨) આડી માટલી.

(૧) ઉભી માટલી - ઉભી માટલી નૃત્ય એ આખા ગુજરાતનું સ્ત્રી નૃત્ય છે. જેમાં વચ્ચમાં ઢોલી રહે અને નાચનાર તેને ફરતા ફરીને નાચે તેને ઉભી માટલી કહે છે.

(૨) આડી માટલી :- આડી માટલીએ આદિવાસીઓમાં જ પ્રચલિત નૃત્ય છે. જેમાં ઢોલી ઢોલ વગાડતા વગાડતા નાચતા આગળ ફરે છે. ઢોલી ફળિયામાં જાય તો સ્ત્રીઓ ફળિયામાં જાય, ઢોલી ગામમાં ફરે તો સ્ત્રીઓ ગામમાં ફરે છે. તેને આડી માટલી નૃત્ય કહે છે.

આ નૃત્યમાં ઢોલી અને રમાનાર વચ્ચે શરતો પણ લાગે છે. રમતા રમતા રમનાર હારે તો રમનાર દંડ આપે અને રમતા રમતા ઢોલી હારે તો ઢોલી દંડ આપે છે. આ સ્ત્રી લોકનૃત્ય છે પણ તેમાં જવાન પુરુષો પણ ભાગ લે છે. તેમના નાચને માટલીયુ નૃત્ય કહે છે. માટલી નૃત્ય કરતી સ્ત્રીઓ વચ્ચે પુરુષો નાચવા પેસે છે આ રમાનાર પુરુષો એક હાથમાં રૂમાલ અને બીજા હાથમાં ઉઘાડેલી છત્રી હોય છે. તે રૂમાલ હલાવતા જઈ, છત્રી વિંઝીને નાચે છે તો કોઈ હાથ ઉચા નીચા કરીને નાચે છે. આ નૃત્ય માટે માટીની માટલી નથી વપરાતી પણ પિત્તરના લોટા કે ઘડા વપરાય છે. માટલી નૃત્ય વખતે ઢોલી જે જાતના ઢોલ વગાડે છે તેને ટીમલી વગાડી કહે છે.

**હાલેણી નૃત્ય**.... નાચનાર એકબીજાના ખભે હાથ મૂકી ગોળાકાર ફરીને ગીતો ગાતા નાચે છે તેને હાલેણી કહે છે. હાલેણી પુરુષો અને સ્ત્રીઓ બંનેનું નૃત્ય છે. સ્ત્રીઓ અને મરદો જુદા જુદા વર્તુળોમાં પોતપોતાના નોખા જૂથો જમાવીને નાચે છે. હાલેણીને લોક બોલીમાં આલેણી કહે છે. હાલેણીના જુદા જુદા પ્રકારો છે. તડવી જાતિની યુવતીઓ વસંત ઋતુમાં રોળા ગીત ગાયને હાલેણી નાચે છે તેને રોળા કહે છે. ભીલી યુવતીઓ વસંત ઋતુમાં ગીત ગાયને હાલેણી નાચે છે. તે વખતે ઢોલની જરુરુ પડતી નથી. પુરુષો લગ્ન પ્રસંગે હાલેણી નાચે છે. પાલ પ્રદેશના પુરુષ હાલેણીને રોળા રમવા કહે છે. પ્રાચીન ચિત્રમાં રાધા ક્રિષ્નાની જોડીને નાચતા બતાવ્યા છે. પરંતુ હાલેણી નૃત્યમાં સ્ત્રી-પુરુષો એક બીજાને કેડે હાથ વીટીને નાચતા નથી અલગ અલગ નાચે છે.

**કુંદણીયુ....** આ પણ લગ્ન પ્રસંગનુ સ્ત્રીઓનું નૃત્ય છે. હાલેણીમાં પુરુષો ભાગ લે છે પરંતુ કુંદણીયુમાં પુરુષો ભાગ લેતાં નથી. આ નાચમાં પણ ઢોલ શરણાઈની જરૂર પડતી નથી. હાલેણી પેઠે સ્ત્રીઓ ગીતો ગાય છે.

" ડુંગરીએ રે જીરું વાવેલું
વાંસેલ મેરે મેથી વાવેલી
પેલી વેવાણ હરારી રે
હીરી ચીરી જાય
ડુંગરીએ રે જીરું વાવેલું
મારા ભાઈઓની બાયડી રે

હીરી ચીરી જાય

ડુંગરીએ રે જીરું વાવેલું

**ટીમલી...** આ નૃત્યમાં ઢોલ અને શરણાઈની જરૂર પડે છે. એટલે આ નૃત્ય લગ્નના દિવસોમાં રાત્રે થાય છે. ટીમલીએ કુંદણીયુને મળતું નૃત્ય છે. ઢોલી વચમાં રહે છે. માટલી નૃત્યમાં ઢોલની એક દાંડી પડે જયારે ટીમલી નૃત્યમાં બે-ત્રણ દાંડી પડે છે. નાચનારા ઢોલીની ફરતા મન ગમતા જૂથોમાં જોડાયને નાચે છે. નૃત્ય કરનાર એકબીજાને કેડે હાથના કંદોરા બાંધીને નાચે છે. ટીમલી નૃત્યમાં સ્ત્રી પુરુષો ગીતો ગાતા નથી.

**પાલની ટીમલી......** જેતપુર પાવી તાલુકામાં લગ્ન પ્રસંગે થતી ટીમલીમાં થોડો ફેર હોય છે. જેમાં બે ડગલા ભરીને અટકે અને નાચે છે. લગ્નમાં ઘર આંગણે જે ટીમલી નાચે તેને ઢોલકીચાળો કહે છે. આ ટીમલીમાં હારમાં જોડાયને નાચતા નાચતા ચાલે છે.

**આંબલી ગોધો......**આંબલી ગોધો પણ લગ્ન પ્રસંગનું નૃત્ય છે. અને લગ્નના પ્રસંગો વખતે રાત્રે થાય છે. આથી તેમાં ઢોલ શરણાઈની જરૂર પડે છે. વચમાં ઢોલ શરણાઈ વાગે અને તેને ફરતા નાચનાર નાચે છે. આ નૃત્યમાં પુરુષો બે ડગલા હળી કાઢીને ડોળે અને ઘૂમરી મારે છે અને આ નૃત્યમાં સ્ત્રીઓ પણ જોડાય છે. પરંતુ આ પુરુષ નૃત્ય છે. ચલતીમાં પુરુષો અવળા ચવાળા ફરીને ઘૂમરી મારીને નાચે છે. પહેલાંના વખતમાં પુરુષો ખભે દાંડ મૂકીને નાચતા આ નૃત્યમાં નૃત્યકરો ગીત ગાતા નથી. આ નૃત્યમાં "ટીમ ટીમ ટીમ ઢીચમ ઢીચમ " એવા ઢોલ વાગે છે. અને આ નૃત્યમાં તાલ મિલાવે એવા ગીતિ શરણાઈમાં વગાડે છે.

**ધમમરિયું...** ઘમરીયું એ પણ લગ્ન પ્રસંગોમાં થતું રાત્રી નૃત્ય છે. આ નૃત્યમાં સ્ત્રી પુરુષ બંને ભાગ લે છે. પુરુષો ટીમલી પેઠે ઘૂમરી મારીને નાચે સ્ત્રીઓ ખાસ કરીને આધેડ સ્ત્રીઓ અને જુવાન છોકરીઓ આ નૃત્યમાં વિશેષ ભાગ લે છે. આ નૃત્ય વખતે સ્ત્રીઓ માથા પર લોટો કે ઘડો ઊંધો મૂકીને સાદી રીતે ગોળાકાર ફરે છે. સ્ત્રીઓ પુરુષો પેઠે ઘૂમરી મારતી નથી.પરંતુ કોણી માંથી હાથ વાળીને ઉચા નીચા કરીને નાચે છે.

**દાંડિયા નૃત્યુ....**વસંત ઋતુના સમયમાં અને લગ્ન પ્રસંગે પુરુષો રંગીન કે સાદા દાંડિયા લઈને નાચતા આ નૃત્યને દાંડિયા નૃત્ય કહેવાય છે. આ નૃત્ય સંખેડા મેવાસની ભીલ અને ગળબોરીયાદ વિસ્તારની રાઠવા જાતિમાં આજથી ૭૦ થી ૭૫ વર્ષ પહેલાં પ્રસિદ્ધ હતું. ભીલ જાતીમાં આ દાંડિયા નૃત્ય વખતે પુરુષો સીસમના દાંડિયા લઈને ગોળ નાચે છે. આ નૃત્ય વખતે ગીતો ગવાય છે. રાઠવા જાતિમાં ગવાતા ગીતની એક શેર પ્રાપ્ત થઈ છે. આ ગીત શેર સીમેલ તા.નસવાડીના વૃદ્ધ રાઠવા ભગન વિછીયાભાઈ પાસેથી ૧૫/૦૭/૧૯૮૫ના દિવસે પ્રાપ્ત થઈ હતી.ગીતમાં ગવાતા લાંબા શુરને સાંખીયો કહે છે. અને ચલતીને ચોપાયો કહે છે. પણ ગુજરાતમાં પ્રચલિત સાખી ચોપાઈઓનું સ્વરૂપ જુદુ છે. સાખી અને ચોપાઈ ખોટા અર્થમાં વપરાય છે. ગીત શેર આ પ્રમાણે છે.

એ... છતરસંગ રાજા રે...

તારો તૈડકાં ઘોડા...

તરાંબે કુંડે પાણી પીય (૨)

એ.....કુંડું દેખીને ઘોડી ચમકી,

કઈ ઘોડો ધેખી મલકાય..

કોરી ગાગેર કઈ મદ ભરી

કઈ ઉપર લખ્યો મોર....

હો સાલ મારૂ નાનેરું ભણજુ

પઈણો જો જે કઈ પલ મે રે

પડોશી જ્યો ગુજરાત મેં હો સાલ

પઈણો લાઈવો કઈ કોપરા..

**સંદર્ભો :-**

૧. ગુજરાતના લોક નૃત્ય - માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સંપાદન :- મેઘના ખારોડ

૨. મેવાસની લોક સંસ્કૃતિ - રેવાબેન તડવી.

૩. ગુજરાતના આદિવાસી લોક સાહિત્યનો ઈતિહાસ - હસુ યાજ્ઞિક

૪. રાઠવા સમાજના લગ્નગીતો - નીતા રાઠવા, નારણ રાઠવા, વિકેશ રાઠવા.

૫. આદિવાસી લોક સાહિત્ય - સં. પ્રફુલ દવે.

RRIJM 2015, All Rights Reserved 